**આંક–૫૧**

| | |
|---|---|
| રજુ તારીખ | ૨૪/૦૮/૨૦૦૪ |
| દાખલ તારીખ | ૨૪/૦૮/૨૦૦૪ |
| ફૈંસલ તારીખ | ૦૨/૦૩/૨૦૨૦ |
| સમયગાળો | વર્ષ :૧૫ માસ:૦૬ દિન: ૦૭ |

**મે. મજૂર અદાલત, અમદાવાદ ના પ્રિસાઈડીંગ ઓફિસરશ્રી પી.એ.માલવીયા સાહેબ સમક્ષ**

**રેફરન્સ(ટી) કેસ નં.૧૧૮૩/૨૦૦૪**

**પ્રથમ પક્ષકારો** : ૧) ગણેશ એન્જીનીયરીંગ વર્કસ,
સંસ્થાના ભાગીદાર સ્વ.ભોગીલાલ અંબાલાલ પંચાલના વારસદારો :
(૧/૧) રાજેશભાઈ ભોગીલાલ પંચાલ–પુત્ર,
(૧/૨) મીનાબેન ભોગીલાલ પંચાલ–પુત્રી,
(૧/૩) આશાબેન ભોગીલાલ પંચાલ–પુત્રી,
**(આંક–૧૮ ની અરજીના હુકમ મુજબ)**

૨) શ્રી એન્જીનીયર્સ,
ઠે.૯૬, અમૃત ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
દુધેશ્વર પાણીની ટાંકી પાસે, અમદાવાદ.

**– : : વિરૂધ્ધ – ::**

**બીજા પક્ષકાર** : દશરથભાઈ છગનજી મારવાડી,
૮/૦.અખીલ ગુજરાત જનરલ મઝદુર સંઘ,
ઠે.બીજો માળ, અરબ ચેમ્બર્સ, પત્થર કુવા,
રીલીફ રોડ, અમદાવાદ.

હાજર રહયા : પ્રથમ પક્ષકાર નં.૧ તરફે : વિ.વ.શ્રી એ.બી.પંચાલ.
પ્રથમ પક્ષકાર નં.ર તરફે : વિ.વ.શ્રી બી.કે.ઓઝા.
બીજા પક્ષકાર તરફે : વિ.પ્ર.શ્રી એમ.એચ.સંઘરીયાત.

**–:: એ વો ર્ડ::–**

**૧.** હાલના રેફરન્સના કામે આ હુકમમાં સગવડતા અને સરળતા ખાતર પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકારને અનુક્રમે ''**સામાવાળા**'' અને ''**અરજદાર**'' તરીકે સંબોધવામાં

આવેલા છે.

**૨.** આ કામના અરજદારને સામાવાળાએ નોકરીમાંથી છુટા કરી દેતા તેઓએ મદદનીશ શ્રમ આયુકતશ્રી અમદાવાદ સમક્ષ વિવાદ ઉત્પન્ન કરેલ અને તે કાર્યવાહીમાં સમાધાન નહીં થતાં સદરહુ વિવાદ મદદનીશ શ્રમ આયુકત, અમદાવાદના હુકમ નં. કેએચ/એસએચએમસી/આર/ક/–એજે/આઈડીઆર/૧૯૦/૦૪ થી પત્ર ક્રમાંક ૨૫૫૬, તા.૧૬–૮–૦૪ ના પત્રથી અત્રેની કોર્ટને ન્યાય નિર્ણય અર્થે સુપરત કરેલ, જેની અનુસુચિ નીચે મુજબ છે.

**શ્રી દશરથભાઈ છગનજી મારવાડીને તેમની મુળ જગ્યાએ પડેલ દિવસોના પુરા પગાર સહિત નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ?**

**૩.** ત્યારબાદ અરજદારે આંક–૬ થી માંગણાનું નિવેદન રજુ કરેલ છે. જેની ટુંકી હકીકત નીચે મુજબ છે.

અરજદાર સામાવાળી નં.૧ સંસ્થાના એન્જીનીયરીંગ ખાતામાં લેથ મશીન વિભાગમાં ટર્નર તરીકે તેમની છેલ્લા ૨૫ વર્ષથી ફરજો બજાવતા હતાં. તેમને કામ બાબતે કે ગેરવર્તણુંક અંગે કોઈ નોટીસ કે ઠપકો મળેલ ન હોઈ તેમની નોકરીનો તમામ રેકોર્ડ સ્વચ્છ અને ડાઘરહીતનો હતો. તેમનો છેલ્લો દૈનિક પગાર રૂ.૮૫/– હતો. વધુમાં જણાવેલ છે કે, સામાવાળી નં.૧ સંસ્થા એન્જીનીયરીંગ ઉદ્યોગમાં રોકાયેલ સંસ્થા છે અને દિન–પ્રતિદિન નફો કરતી આવેલ સંસ્થા છે. તેમ છતાં પણ ૨૫–૨૫ વર્ષથી તેઓ નિષ્ણાંત કારીગરને એન્જીનીયરીંગ ઉદ્યોગને લાગુ પડતા તથા કુશળ કારીગર તરીકેના પગાર ગ્રેડમાં પગાર ચુકવતી ન હતી કે કોઈપણ રજાઓનો લાભ આપવામાં આવેલ નથી. તે લાભોની માંગણી અવારનવાર કરવા છતાં એક યા બીજા બહાના હેઠળ કંપની નકારતી આવેલ હતી. વધુમાં જણાવેલ છે કે, સંસ્થા વર્ષો જુની હોઈ તેઓ તથા અન્ય કામદારોની સર્વિસ વર્ષો જુની હોઈ ભવિષ્યમાં આપવા પડનારા લાભોથી છટકવા માટે મજુર કાયદો અને બીજા કાયદાઓની

જવાબદારીમાંથી છટકવા માટે તા.૧–૭–૦૧ ના રોજથી સામાવાળા નં.૧ એ કૃત્રિમ બહાના ઉભી કરી ગેરકાયદેસર રીતે તેમની સંસ્થા બંધ કરી દીધેલ હતી અને બંધ કરતી વખતે તેઓને આઈ.ડી.એકટની જોગવાઈઓ હેઠળના કોઈ ચુકવવાપાત્ર હકક કે લાભો કે વળતર ચુકવેલ નથી કે કોઈ નોટીસ કે નોટીસ પગાર આપેલ નથી કે કાયદેસરની કોઈ કાર્યવાહી હાથ ધરેલ નથી કે કોઈ પરમીશન લીધેલ નથી. આમ સામાવાળા નં.૧ નું તે રીતનું કલોઝર ગેરકાયદેસર અને ગેરવ્યાજબી ઠરે છે. વધુમાં જણાવેલ છે કે, સામાવાળા નં.૧ નાએ તેમની માલીકીપણા હેઠળ નામ બદલી સામાવાળા નં.ર ના નામથી એન્જીનીયરીંગનો ધંધો ચાલુ કરેલો. તેઓ જે શેડમાં મશીનો ઉપર કામ કરતા હતા તેમાં જ સામાવાળા નં.ર નાએ કામ અને ઉત્પાદન અગાઉ જેવું જ શરુ કરેલ અને તેવી રીતે કરી રહેલ છે. તેમની જગ્યાએ નવા કામદારોને કામે રાખેલા છે. આ તમામ હકીકતો તેઓને તા.૧–૭–૦૧ ના રોજથી નોકરીમાંથી છુટા કવરાનું સામાવાળા નં.૧ નું પગલું ગેરકાયદેસર, આઈ.ડી. એકટની જોગવાઈઓ વિરુધ્ધ ઠરે છે અને તેઓને નોકરીમાંથી છુટા કર્યા બાદ સામાવાળા નં.૧ ના સકસેસર તરીકે સામાવાળા નં.ર નાએ ધંધો ચાલુ કરેલ હોઈ તેઓને પુન: નોકરી ઉપર ન રાખવાનું પગલું પણ આઈ.ડી.એકટની જોગવાઈઓ વિરુધ્ધ તથા અનફેર લેબર પ્રેકટીસ આચરનારું અને આરંભથી જ રદબાતલ પ્રકારનું ઠરે છે. વધુમાં જણાવેલ છે કે, તેઓને નોકરીમાંથી છુટા કરી નામ બદલી ફરીથી સંસ્થા ચાલુ કરવા છતાં તેઓને ફરજો ઉપર ન રાખતા તેઓએ નોકરીમાં પુન:સ્થાપિત થવા માટે મદદનીશ શ્રમ આયુકત સમક્ષ પુન:સ્થાપનની ફરીયાદ નોંધાવેલ, જે સમાધાન નિષ્ફળ રહેતા સદર વિવાદ અત્રે ન્યાય નિર્ણય અર્થે સુપ્રદ કરવામાં આવેલ છે. વધુમાં જણાવેલ છે કે, તેઓને નોકરીમાંથી છુટા કરતા તેઓને બીજી ઘણી જગ્યાએ નોકરી મેળવવા પ્રયાસો કરેલ હોવા છતાં તેઓને નોકરી મળેલ નથી અને તેઓ બેકાર છે. જેથી સામાવાળા તેઓને કામે રાખે તો કામ ઉપર

હાજર થવા તૈયાર છે. જેથી અરજદારને નોકરીમાંથી છુટા કરવાનું પગલું તથા પુન: નોકરીમાં નહીં લેવાનું પગલું ગેરકાયદેસર ઠરાવી આપવા તેમજ સામાવાળી સંસ્થા તેઓને છુટા કર્યા તારીખથી પડેલ દિવસોના પુરા પગાર તથા આનુસાંગીક લાભો સહીત સળંગ નોકરી ગણી મુળ જગ્યાએ નોકરીમા પુન:સ્થાપિત કરે તેવો એવોર્ડ કરવાની દાદ માંગેલ છે.

આ કામમાં સામાવાળા નં.૧ સંસ્થાના ભાગીદાર ભોગીલાલ અંબાલાલ ચાલુ કાર્યવાહી દરમ્યાન મૃત્યુ પામતા આંક–૨૬ ની અરજી હેઠળ થયેલ હુકમ મુજબ તેમના વારસદારોને હાલના કેસમાં જોડવામાં આવેલ છે. ત્યારબાદ અરજદાર તરફેથી સુધારેલ માંગણાનું નિવેદન તા.૭–૧–૧૯ ના રોજ રજુ થયેલ છે.

૪. આ કામમાં સામાવાળા નં.૨ એ આંક–૭ થી લેખિત જવાબ રજુ કરેલ છે. જેમાં તેઓએ માંગણાના નિવેદનમાં જણાવેલ હકીકતોનો ઈન્કાર કરેલો છે. વધુમાં પ્રાથમિક મુદ્દો ઉપસ્થિત કરી જણાવેલ છે કે, સામાવાળા નં.૨ અને અરજદાર વચ્ચે કોઈ માલીક નોકરના સંબંધો હતા નહીં કે છે નહીં, તેથી રેફરન્સ રદ થવાને પાત્ર છે તેમજ અરજદારના રેફરન્સને સમયમર્યાદાનો બાધ નડે છે, કારણ કે અરજદારે તેમને નોકરીમાંથી છુટા કર્યા તા.૧–૭–૦૧ દર્શાવેલ છે, જયારે તેઓએ રેફરન્સ ૨૦૦૪ માં કરેલ છે, તેથી રેફરન્સને સમયમર્યાદાનો બાધ નડે છે. વધુમાં પ્રાથમિક મુદ્દામાં જણાવેલ છે કે, અરજદારના રેફરન્સને સપ્રેશન ઓફ મટીરીયલ ફેકટનો બાધ નડે છે, એટલે કે અરજદારે માંગણાના નિવેદનમાં કેટલીક સત્ય હકીકતો છુપાવેલ હોઈ, જેવી કે શ્રી એન્જીનીયરીંગના માલીક અલગ છે અને શ્રી એન્જીનીયરીંગનું અસ્તિત્વ કાયદા મુજબ અલગ રીતે થયેલ હોઈ, તેને ગણેશ એન્જીનીયરીંગ સાથે કોઈ લેવા–દેવા નથી, અને તે હકીકત અરજદાર જાણતા હોવા છતાં કોર્ટથી છુપાવેલ હોઈ અરજદારના રેફરન્સને સપ્રેશન ઓફ મટીરીયલ ફેકટસનો બાધ નડે છે. વધુમાં સત્ય હકીકતમાં જણાવેલ છે કે,

સામાવાળા નં.ર એ એક એન્જીનીર્યીંગ એકમ છે અને તા.૧૦–૬–૦ર ના રોજ અસ્તિત્વમાં આવેલ છે અને તે એકમ ગુમાસ્તા ધારાનું તથા સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીઝ સંદર્ભમાં ઉદ્યોગ ખાતાનું લાયસન્સ ધરાવે છે અને તે લાયસન્સ પણ તા.૧૦–૬–૦ર અને તા.૧૮–૧ર–૦ર નું લીધેલ છે. વધુમાં જણાવેલ છે કે, અરજદારે શ્રી એન્જીનીયરીંગમાં કયારેય કામ કરેલ નથી કે તેઓને પાસેથી કયારેય કામગીરી લીધેલ નથી કે તેમને કોઈપણ જાતનું ચુકવણું કરેલ નથી. કારણે તેમની સંસ્થાનું અસ્તિત્વ તા.૧૦–૬–૦ર ના રોજ થયેલ છે, જયારે અરજદારે તેમના માંગણાના નિવેદનમાં છુટા કર્યા તા.૧–૭–૦૧ ની દર્શાવેલ છે અને તેથી અરજદારને છુટા કર્યા તારીખે શ્રી એન્જીનીયરીંગનું કોઈ અસ્તિત્વ જ ન હતું. તેથી પક્ષકારો વચ્ચે કોઈ માલીક નોકરના સંબંધ ન હતા, તેથી તેઓને ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી કે પડેલા દિવસોનો પગાર સાથે નોકરીમાં પુન:સ્થાપિત કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. વધુમાં જણાવેલ છે કે, સામાવાળા નં.ર જે શેડમાં એક ચલાવે છે, ત્યાં અગાઉ ગણેશ એન્જીનીયરીંગ વર્કસનું ભાગીદાર એકમ ચાલતું હતું અને ભાગીદારો વચ્ચે તકરારને કારણે તેઓએ સીવીલ કોર્ટમાં ભાગીદારી છુટા કરવાનો કેસ નં.૩૪૭૩/ર૦૦ કરેલ હતો અને તેમાં લવાદે નિમાતા તેઓએ આખરી ચુકાદ્દો આપેલો હતો. લવાદની કામગીરી ચાલુ હતી તે દરમ્યાન ગણેશ એન્જીનીયરીંગ વર્કમાં કોઈપણ જાતનું ઉત્પાદન થતું ન હોઈ કામદારોને બેસાડી રાખતા અને ગણશે એન્જીનીયરીંગ વર્કસના માલીકોએ તા.૧–૭–૦૧ ના રોજ કંપનીમાં જે ત્રણ કામદારો અને એક મેનેજર હતા તેમને ભાગીદારોએ નોકરીમાંથી છુટા કરેલ હતાં અને ગણેશ એન્જીનીયરીંગ વર્કસનું વિસર્જન કરેલ હતુ. ત્યારબાદ ગણેશ એન્જી.વર્કસની તમામ સ્થાવર મિલકતોનું લવાદ ધ્વારા રીસીવરની નિમણુંક થયેલી અને રીસીવર ધ્વારા તમામ મિલકતોનું વેચાણથી જાહેર હરાજી થયેલ હતી અને તે મુજબ આ શેડ તેમજ તેનો સ્ટોક

અને મશીનરી પાછળની કોઈપણ જાતની જવાબદારી વગર સામાવાળા નં.૨ એ વેચાણથી લીધેલ હતી અને તે સંદર્ભમાં દસ્તાવેજ પણ કરેલ છે. સામાવાળા નં.૨ ની ગણેશ એન્જીનીયરીંગ વર્કસના કોઈપણ કામદારની કે અન્ય કોઈપણ જવાબદારી રહેતી નથી અને તે સંજોગોમાં અરજદારે જો ગણેશ એન્જીનીયરીંગ વર્કસમાં કામ કર્યુ હોય તો તે સંદર્ભે તેઓની કોઈપણ જાતની જવાબદારી થતી ન હોઈ રેફરન્સ રદ થવાને પાત્ર છે. તેઓએ સદર એકમ જાહેર હરાજીથી ખરીદયુ ત્યારે તેઓએ અગાઉના ભાગીદારોને જણાવેલ કે તેઓ તમામ કામદારોના હકકો ચુકવી આપશો, એટલે કે અરજદારે સહીતના તમામ કામદારોના કાયદાકીય હકકો ચુકવીને છુટા કરેલ હોઈ, અરજદારનો કોઈપણ જાતના કાયદેસરના હકકો ચુકવવાની તેમની જવાબદારી થતી ન હોઈ રેફરન્સ રદ કરવા અરજ કરેલ છે.

૫. અરજદારના પ્રતિનિધિશ્રીની આંક–૮ અરજીમાં થયેલ હુકમ મુજબ સામાવાળા નં.૧ ના માલીક મુંજાલભાઈ અરૂણભાઈ નાણાવટીને રજી.એ.ડી.થી નોટીસ કરવાનો હુકમ થયેલ, તે મુજબ આંક–૯ થી રજી.એ.ડી.નોટીસ કરેલ, જે નોટીસ કોર્ટના બેલીફશ્રી મારફતે બજવણી થયેલ છે. જેથી મુંજાલભાઈ અરૂણભાઈ નાણાવટીએ આંક–૧૨ ની પુરસીસથી રજુઆત કરેલ છે કે, સદર રેફરન્સમાં સામાવાળા બે કંપનીઓના નામ દર્શાવેલ છે, પરંતુ ઓર્ડર ઓફ રેફરન્સમાં કોઈ જગ્યાએ મુંજાલભાઈ અરુણભાઈ નાણાવટીનું નામ દર્શાવેલ નથી, તે સંજોગોમાં ઓર્ડર ઓફ રેફરન્સની બહાર જઈ અરજદારે તેઓને પક્ષકાર બનાવવા / સુનાવણી માટેની નોટીસ તેઓને મોકલીને ઓર્ડર ઓફ રેફરન્સની બહારની કાર્યવાહી કરવામાં આવેલ છે જે ગેરકાયદેસર અને ગેરવ્યાજબી છે. વધુમાં જણાવેલ છે કે, સામાવાળાઓના સરનામા એક જ છે અને અરજદારે હકીકતમાં સત્ય હકીકતો છુપાવેલ છે, એટલે કે હકીકતમાં ગણેશ એન્જીનીયરીંગ વર્કસમાં તેઓ નીચે સહી કરનાર અને શ્રી ભોગીભાઈ એ.પંચાલ ભાગીદારો હતા. તેઓ ભાગીદારો વચ્ચે તકરાર

થવાને કારણે ભાગીદારી છુટા કરવા માટે સીવીલ કોર્ટમાં સ્યુટ નં.૩૪૭૩/૨૦૦૦ દાખલ કરવમાં આવેલ અને તેમાં લવાદની નિમણુંક થયેલ હતી અને લવાદે પોતાનો ચુકાદ્દો આપી ભાગીદારી પેઢી છુટી થયેલ જાહેર કરેલ હતી અને ત્યારબાદ કોર્ટે રીસીવરની નિમણુંક કર્યા બાદ ગણેશ એન્જીનીયરીંગની માલ-મિલકત અને સ્ટોક તથા પ્લોટની હરાજી કરવામાં આવેલ હતી. સામાવાળા નં.ર શ્રી એન્જીનીયરીંગે જાહેર હરાજીમાં ગણેશ એન્જીનીયરીંગની માલ-મિલકત, મશીનરી અને સ્ટોક તથા પ્લોટ ખરીદેલ હતો. આમ હકીકતમાં ગણેશ એન્જીનીયરીંગનું અસ્તિત્વ છે નહીં કે સીવીલ કોર્ટ ધ્વારા ભાગીદારી પેઢીનું વિસર્જન થઈ થવાને કારણે તેઓની હવે સદર કામમાં ભાગીદાર તથા કોઈ જવાબદારી ઉપસ્થિત થતી નથી, કારણ કે ગણેશ એન્જીનીયરીંગનું અસ્તિત્વ નથી તથા કંપનીની ભાગીદારી સમાપ્ત થઈ ગયેલ છે. આ તમા કાર્યવાહી સીવીલ કોર્ટ ધ્વારા નીમેલ રીસીવર ધ્વારા કરવામાં આવેલ છે અને તે સંજોગોમાં અદાલતને ગેરમાર્ગે દોરી અને ગણેશ એન્જીનીયરીંગના ભાગીદાર તેઓ છે અને માટે ભાગીદારની રૂએ તેઓને જે કોર્ટ ધ્વારા નોટીસ મોકલવામાં આવેલ છે તે ગેરકાયદેસર, ગેરવ્યાજબી છે, કારણ તેઓને મુળ રેફરનસ ઓર્ડરમાં પક્ષકાર બનાવવામાં આવેલ ન હોઈ ઓર્ડર ઓફ રેફરન્સની બહાર જઈ કોઈ નવા પક્ષકારને પક્ષકાર બનાવાવની અરજી આપવાનો કે અરજદારને અધિકાર નથી કે અરજદારની તેવી અરજી સંદર્ભે તેઓને પક્ષકાર બનાવવાની કે સુનાવણી નોટીસ કાઢવાની અદાલતને હકુમત ન હોઈ, અદાલતે જારી કરેલ સુનાવણી નોટીસ રદ કરવા અરજ કરેલ છે.

૬. ત્યારબાદ અરજદાર તરફેથી આંક-૨૩ થી સંસ્થાના ભાગીદાર શ્રી ભોગીલાલ અંબાલાલ પંચાલને નોટીસ કરવા અરજી રજુ કરેલ છે અને તેમાં થયેલ હુકમ મુજબ આંક-૨૪ થી નોટીસ કરવામાં આવેલ છે, જે નોટીસ કોર્ટના બેલીફશ્રી ધ્વારા બજવણી કરવામાં આવેલ છે. જેથી આંક-૨૫ થી સ્વ.ભોગીલાલ અંબાલાલ

પંચાલના વારસદાર નિરવ પંચાલ (પૌત્રએ) પુરસીસ રજુ કરી જણાવેલ છે કે, પંચાલ ભોગીલાલ અંબાલાલ (ગણેશ એન્જી.વર્કસના ભાગીદાર) તા.૩૧–૮–૦૯ ના રોજ દેવલોક પામ્યા છે, તેનું સર્ટીફિકેટ પુરસીસ સાથે રજુ કરેલ છે તેમજ કેસના અનુસંધાનમાં પે.વે.અ.નં.૨૯/૦૧ અને ૧૧૮૨/૦૪ ચાલેલ, તેમાં તેઓ હાજર રહીને કોર્ટ પ્રોસીજર અનુસર્યા છે. સદર કેસમાં તેમના જાણવા પ્રમાણે ભાગીદારી પેઢીનું વિસર્જન થયેલ છે, આર્બીસ્ટ્રેશન એવોર્ડ પ્રમાણે અને તે જ પ્રમાણે આપેલ એવોર્ડ તા.૧–૨–૦૨ પ્રમાણે આર્બીટ્રિટરે રીસીવરની નિમણુંક કરેલ અને રીસીવરે તેમની નિમણુંક થયા બાદ કંપનીનો વહીવટ કરેલ હોવાનું જણાવેલ છે.

૭. આ કામમાં અરજદાર તરફેથી નીચે મુજબનો પુરાવો રજુ થયેલ છે.

**– :: મૌખિક પુરાવો :: –**

| ક્રમ | દસ્તાવેજનું વર્ણન | આંક/ માર્ક |
|---|---|---|
| **૧.** | અરજદારનું સરતપાસનું સોગંદનામું | આંક–૨૨ |

**– : : દસ્તાવેજી પુરાવો : : –**

| ક્રમ | દસ્તાવેજનું વર્ણન | આંક/ માર્ક |
|---|---|---|
| **૧.** | સામાવાળાને હાથોહાથ આપેલ નોટીસની નકલ. | ૨૦/૧ |
| **૨.** | સામાવાળાએ આપેલ જવાબ. | ૨૦/૨ |
| **૩.** | અરજદારને આપેલ ઓળખપત્રની ઝેરોક્ષ. | ૨૦/૩ |
| **૪.** | અરજદારના જુલાઈ થી નવે–૨૦૦૦ ના હાજરીકાર્ડની નકલ. | ૨૦/૪ થી ૨૦/૯ |
| **૫.** | સામાવાળા નં.૧ ના ભાગીદાર શ્રી ભોગીલાલે છળકપટ કરી, અન્ય ભાગીદાર પાસેથી તેઓ વળતર અપાવશે તેમ કહી કોઈ રકમ આપ્યા વગર પોતાના ભાગીદારની રકમ આપ્યા બાબતે તેમની સહી કરાવી લીધેલ તે લખાણની નકલ. | ૨૧/૧ |

ત્યારબાદ અરજદાર ઉલટતપાસ માટે હાજર રહેલ ન હોઈ, જેથી તેઓનો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

૮. આ કામમાં સામાવાળા નં.૧ સંસ્થાના ભાગીદાર ગુજરનાર ભોગીલાલ અંબાલાલ પંચાલના વારસદાર તરફેથી આંક–૪૯ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે. જયારે આ કામમાં સામાવાળા નં.ર સંસ્થા તરફેથી કોઈ મૌખિક પુરાવો રજુ થયેલ નથી, પરંતુ નીચે મુજબનો દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

**– : : દસ્તાવેજી પુ રા વો : : –**

| ક્રમ | દસ્તાવેજનું વર્ણન | આંક/ માર્ક |
|---|---|---|
| **૧.** | શ્રી એન્જીનીયરીંગ વર્કસનું નોંધણી પ્રમાણપત્રની નકલ. | ૧૫/૧ |
| **૨.** | શ્રી એન્જીનીયરીંગ વર્કસનું પરમેનન્ટ રજીસ્ટ્રેશન સર્ટી.ની નકલ. | ૧૫/૨ |
| **૩.** | શ્રી એન્જી.વર્કસનું ગુમાસ્તા ધારાના પ્રમાણપત્રની નકલ. | ૧૫/૩ |
| **૪.** | સામાવાળા નં.૧ ના પાર્ટનરોને આર્બીટેશને આપેલ એવોર્ડની નકલ. | ૧૫/૪ |

આ કામમાં સામાવાળા નં.ર તરફેથી આંક–૫૦ થી કલોઝીંગ પુરસીસ રજુ થયેલ છે.

૯. આ કામમાં અરજદાર તરફેથી દલીલના તબકકે કોઈ હાજર રહેલ ન હોઈ, તેઓનો દલીલનો હકક બંધ થયેલ છે. જયાર સામાવાળા તરફેથી મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. જેની ચર્ચા યોગ્ય તબકકે કરવામાં આવશે.

**૧૦.** ઉપરોકત વિગતે રજુ થયેલ પક્ષ નિવેદન તેમજ  પુરાવા અને દલીલ આધારે મારી સમક્ષ હાલના કેસમાં ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદૃાઓ ઉપસ્થિત થાય છે.

**– : : મુ દૃા ઓ : : –**

(૧) શું આ કામના અરજદારને સામાવાળાએ ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરેલા છે ?

(ર) શું આ કામના અરજદાર તેઓની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહીત, સળંગ નોકરી સહીત પુન:સ્થાપિત થવાની દાદ મેળવવા કે અન્ય કોઈ દાદ મેળવવા હકકદાર છે ?

(૩) શું હુકમ ?

**૧૧.** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબના છે.

**– : : નિ ર્ણ યો : : –**

(૧) નકારમાં.

(૨) નકારમાં.

(૩) આખરી હુકમ મુજબ.

**૧૨.** ઉપરોકત મુદ્દાઓના નિર્ણયોના મારા કારણો નીચે મુજબના છે.

**– : : કા ર ણો : : –**

૧૩. ***મુદ્દા નં.(૧) અને (૨) સંયુકત ::–***

આ કામે મુદ્દા નં.(૧) અને (૨) ની હકીકતો પરસ્પર એકબીજા સાથે અતુટ રીતે સંકળાયેલી હોઈ, બીન જરૂરી પુનરાવર્તન ટાળવાના હેતુસર આ બંને મુદ્દાઓ ચર્ચા સંયુકત રીતે કરવામાં આવેલ છે.

આ કામમાં અરજદાર કોઈપણ દાદ મેળવવા માટે હકકદાર બને છે તે માટે તેઓએ સામાવાળાઓના કામદાર હોવાનું તથા બે પૈકી કયા સામાવાળાના કામદાર છે તેવું, તથા તેઓએ આઈ.ડી.એકટની કલમ ૨૫(બી) ની જોગવાઈ મુજબ સળંગ નોકરી કરેલ હોવાનું અને બે પૈકી કયા સામાવાળાએ તેઓને નોકરીમાંથી ગેરકાયદેસર રીતે છુટા કરેલ તેવું પુરવાર કરવું પડે તેમ છે.

હાલના કેસમાં અરજદારનું કથન જોવામાં આવે તો તેઓ ૨૫ વર્ષથી સામાવાળા નં.૧ ની સંસ્થામાં ટર્નર તરીકે કામગીરી કરતા હતાં અને સામાવાળા નં.૧ નાએ તા.૧–૭–૦૧ ના રોજથી કૃત્રિમ બહાના ઉભા કરી ગેરકાયદેસર રીતે સંસ્થા બંધ કરી દીધેલ અને તેઓએ તેમની માલીકી અંગે નામ બદલી સામાવાળા નં.૨ ના નામથી એન્જીનીયરીંગનો ધંધો ચાલુ કરેલ છે. જેથી સામાવાળા નં.૨ તે સામાવાળા

નં.૧ ના સકસેસર હોય તેવું કથન કરેલ છે. જયારે સામાવાળી સંસ્થા તરફેથી આંક–૧૨ થી એક ભાગીદારે રજુ કરેલ જવાબ જોતાં ભાગીદારો વચ્ચે તકરાર થવાના કારણે ભાગીદારી છુટી કરવા અંગેનો દાવો દાખલ કરવામાં આવેલ હતો અને તે દાવાના કામે ભાગીદારી પેઢી વિસર્જન થઈ જતાં તેઓની જવાબદારી ઉપસ્થિત થતી નથી તેવું કથન કરેલ છે. જયારે સામાવાળા નં.૨ તરફેથી એવું કથન કરેલ છે કે, તેઓએ ગણેશ એન્જીનીયરીંગ વર્કસનું ભાગીદારી એકમ જે શેડમાં ચાલતું હતું, તે શેડમાં તેઓનું એકમ ચલાવે છે. વધુમાં સામાવાળા નં.૧ ના ભાગીદારો વચ્ચે તકરાર થયેલ હોવાના કારણે તેમની ભાગીદારી છુટા કરવા અંગે સીવીલ કોર્ટ સમક્ષ નં.૩૪૭૩/૨૦૦૦ થી કેસ કરેલ હતો અને તેમાં લવાદની નિમણુંક થયેલ અને આખરી ચુકાદ્દો આવેલો. ત્યારબાદ તેઓએ સામાવાળા નં.૧ ની સંસ્થાની શેડ, સ્ટોક અને મશીનરીની મિલકત પાછળની કોઈપણ જવાબદારી વગર રીસીવર દ્વારા કરવામાં આવેલ જાહેર હરાજીમાં વેચાણ રાખેલ છે.

આમ, પ્રાથમિક પક્ષ નિવેદન જોવામાં આવે તો અરજદાર સામાવાળા નં.૧ ની સંસ્થામાં કામ કરતા હતા તેવું પક્ષ નિવેદન આધારે પુરવાર થાય છે. વધુમાં અરજદારે સળંગ નોકરી કરેલ હતી કે કેમ? તથા સામાવાળા નં.૧ નાએ તેમની સંસ્થા ગેરકાયદેસર રીતે બંધ કરી અરજદારને નોકરીમાંથી છુટા કરેલ કે કેમ? તે હકીકત પુરવાર કરવા માટે અરજદાર હાજર રહેલ નથી. અરજદારે રજુ કરેલ સરતપાસના સોગંદનામા અન્વયે તેઓએ ઉલટતપાસ આપેલ નથી. તે સંજોગોમાં તેઓનું સરતપાસનું સોગંદનામું પુરાવામાં વંચાણે લઈ શકાય તેમ નથી. વધુમાં અરજદાર તરફેથી રજુ થયેલ દસ્તાવેજો તેમના મૌખિક પુરાવામાં પુરવાર થયેલ નથી. ત્યારે આ સંજોગોમાં અરજદાર મહત્વની હકીકતો એટલે કે તેઓએ સામાવાળા નં.૧ ની સંસ્થામાં સળંગ નોકરી કરેલ છે અને તેઓને ઔદ્યોગિક વિવાદ ધારાની આજ્ઞાત્મક જોગવાઈઓનો ભંગ કરીને નોકરીમાંથી છુટા કરેલ છે તેવી હકીકત પુરવાર

કરેલ નથી. ત્યારે આ સંજોગોમાં અરજદાર સામાવાળા નં.૧ ની સંસ્થા પાસેથી કોઈ દાદ મેળવવા હકકદાર બનતા નથી. તેમજ જયારે સામાવાળા નં.ર ની સંસ્થા તે સામાવાળા નં.૧ ની સંસ્થાની સકસેસર ઈન ઈન્સ્ટ્રેસ્ટ તરીકે આવતી હોવાની હકીકત પણ અરજદારે પુરવાર કરેલ ન હોય ત્યારે અરજદાર સામાવાળા નં.ર ની સંસ્થા પાસેથી પણ કોઈ દાદ મેળવવા હકકદાર બનતા નથી. જેથી મુદ્દા નં.(૧) અને (ર) બન્નેનો જવાબ **નકારમાં** આપવામાં આવે છે અને મુદ્દા નં.(૩) સંદર્ભે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– : : હુ ક મ : : –**

આ કામના અરજદારનો હાલનો રેફરન્સ કેસ આથી નામંજુર યાને રદ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

લેબર કોર્ટ, અમદાવાદની રજીસ્ટ્રી ધ્વારા લેબર કોર્ટ (પધ્ધતિ અને કાર્યપધ્ધતિ) નિયમો ૧૯૪૭ અન્વયેના પ્રકરણ ૮ ના નિયમ ૩ર ની જોગવાઈ મુજબ સંબંધીત પક્ષકારને હાલના એવોર્ડની પ્રસિધ્ધ થયા બાદ તેની નકલ આપવા અંગે નિયમ અનુસારની કાર્યવાહી કરવી.

**તારીખ : ૦ર–૦૩–ર૦ર૦**
**સ્થળ : અમદાવાદ.**

**(પરવેઝઅહેમદ અલીમોહંમદ માલવીયા)**
**CODE : GJ00837**
**પ્રિસાઈડીંગ ઓફીસર,**
**લેબર કોર્ટ, અમદાવાદ.**

J.B.KUNJERA,P.A.